સંદેશ

https://sandesh.com/gujarat/mou-with-edii-regarding-student-entrepreneurship-policy



# વિદ્યાર્થીઓને નાના ઉદ્યોગો શરૂ કરવા માટે રૂ. ૪૦,૦૦૦ની સહાય ચૂકવાશે

Gujarat | By Sandesh Team | Published: Nov 29, 2023 05:33 pm




- વિદ્યાર્થીઓને કુશળતા દર્શાવવા માટે પ્લેટફોર્મ પૂરુ પડાશે
- પ્રારંભિક તબક્કે 2,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓને લાભ અપાશે
- વિદ્યાર્થી ઉદ્યોગ સાહસિકતા પોલીસી માટે 5૦૦ નોડલ ઓફિસરની નિયુક્ત થશે

ઇડીઆઇઆઇ એ "વિદ્યાર્થી ઉદ્યોગ સાહસિકતા પોલીસી" સંદર્ભે ગુજરાત સરકારનાં ઉચ્ચ શિક્ષણ વિભાગ સાથે એમઓયુ કર્યા છે. જેમાં કૉલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને નાના ઉદ્યોગો શરૂ કરવા માટે રૂ. ૪૦,૦૦૦ જેટલી આર્થિક સહાય ચૂકવવામાં આવશે. તેમજ પ્રારંભિક તબક્કે ૫૦૦ જેટલા નોડલ ઓફિસર નિયુક્ત કરીને 2,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓને લાભ અપાશે.

**ગુજરાત સરકારનાં ઉચ્ચ શિક્ષણ વિભાગ સાથે એમઓયુ**

EDII (એન્ટરપ્રિન્યોરશીપ ડેવલોપમેન્ટ ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇન્ડિયા)એ ગુજરાત સરકારનાં ઉચ્ચ શિક્ષણ વિભાગ સાથે "વિધાર્થી ઉધોગ સાહસિકતા પોલીસીની અસરકારક અમલવારી માટે એમઓયુ પર હસ્તાક્ષર કર્યા હતા. આ એમઓયુ ગુજરાત સરકારનાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી રૂષિકેશ પટેલ, ગુજરાત સરકારનાં ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગના અગ્ર સચિવ મુકેશકુમાર, ગુજરાત સરકારનાં ઉચ્ચ શિક્ષણ નિયામક પરિમલ પંડ્યા તથા ઇડીઆઇઆઇનાં ડિરેક્ટર જનરલ ડૉ. સુનિલ શુક્લાની હાજરીમાં કરવામાં આવ્યા હતા.

**વિધાર્થીઓને કુશળતા દર્શાવવા માટે પ્લેટફોર્મ પૂરુ પાડશે**

આ પોલિસી વિધાર્થીઓને તેમના સર્જનાત્મક વિચારો અને કુશળતા દર્શાવવા માટે પ્લેટફોર્મ પૂરુ પાડશે તથા તેમને ભવિષ્યના સાહસિકો બનવા માટે વધુ પ્રોત્સાહિત કરશે. રાજ્યની સરકારી બિન સરકારી અનુદાનિત આર્ટ, સાયન્સ, કોમર્સ, બી.એડ, લો કોલેજો તથા ગ્રામ્ય વિધાપીઠમાં અભ્યાસ કરતા વિધાર્થી/વિધર્થીનીઓને અભ્યાસની સાથે સાથે ઉધોગ સાહસિકતા વિકસાવવા તથા તેઓને પ્રોત્સાહન આપવાના ભાગ રૂપે રાજ્ય સરકારે "વિધાર્થી ઉધોગ સાહસિકતા પોલીસી અમલમાં મુકવામાં આવેલ છે. EDII સંસાધન વ્યક્તિઓની કેડર તૈયાર કરીને (ઉધોગસાહસિકતા સંબંધિત તાલીમ આપવા માટે ફેકલ્ટી માર્ગદર્શક), વિધાર્થીઓ માટે તાલીમ કાર્યક્રમો અને વર્કશોપનું આયોજન કરીને, તેમને તેમના પોતાના સાહસો સ્થાપવા માટે તાલીમ આપવા દ્વારા નીતિનો અમલ કરશે.